



# ખુદાની પોટલી

મિયાં ફુસકી પહેલાવહેલા રાજપરમાં આવ્યા અને ઠાકોરે મિયાંને નોકરીમાં રાખ્યા. રહેવા માટે ઘર જોઈએ. દલાશેઠનું ઘર ભાડે રાખ્યું. આ ઘરમાં આનંદથી રહેવા લાગ્યા. ફુસકી મિયાં રહે છે એ ઘર અને દલાશેઠ રહે છે એ ઘર વચ્ચે એક જ ભીંત હતી. આ બાજુ બોલે એ બીજી બાજુ સંભળાય.

એક રાતની વાત. એ વાત સાંભળીને દલાશેઠ રાજી રાજી થઈ ગયા. શેઠાણી દલાશેઠને ઘણી વાર કહેતાં કે એ ફુસકી મિયાંને બિચારાને બોલાવતા નથી અને વાતેય કરતા નથી. પાડોશી સાથે તો હળવું-મળવું જોઈએ. મિયાં ઘણા મજાના માણસ છે.

દલાશેઠ કહેતા : 'એવા મુફલિસ અને બેવકૂફ માણસો જોડે બોલવાથી કશો લાભ થાય નહીં. ગરીબ માણસ છે એટલે તેની પાસેથી તો કદી એક પાઈ પણ મળવાની નહીં. ઓળખાણ વધારીએ એટલે કોઈ દિવસ ઉછીનો પૈસો માગે. એમાં લાભ શો? બીજું કે તે દેખાય છે જ મૂરખા જેવો. મૂરખા જોડે ઓળખાણ વધારીએ તો મૂરખાઈ મળે. માટે લાભ વિના નકામી વાત વધારવી નહીં.'

લાભ વિના દલાશેઠ ભગવાનને પણ સંભારે એવા નથી. ભગવાનને જો રૂપિયાની જરૂર પડે અને દલાશેઠ પાસે માગવા આવે તો બમણું વ્યાજ લે એવા છે. કેટલાક દિવસ વીતી ગયા.



તભા ભટને અને ફુસકી મિયાંને પાકી ભાઈબંધી થઈ ગઈ. તભા ભટ સાચા માણસ છે. એવા જ ભલા અને ભોળા ફુસકી મિયાં છે. જેવાને તેવો ગમે. એકસરખા ગુણ હોય તેમની ભાઈબંધી થાય.

એક દિવસ તભા ભટ અને ફુસકી મિયાં વાતો કરે છે. વાતમાંથી વાત નીકળી કે હજાર મહેનત કરીએ તોય કશું મળે નહીં. ભગવાન દયા કરે તો પાઈ જેટલી મહેનતમાં લાખ રૂપિયાનો લાભ થાય.

ફુસકી મિયાં બોલ્યા : “ભલે ને પાઈની મહેનતમાં લાખ રૂપિયા મળે, પણ મહેનત તો કરવી જ પડે ને? મફતમાં ભગવાન કશું આપી દેતા નથી ને? મહેનત કરે તેને આપે.”

તભા ભટ કહે કે : “મફતમાંય આપે, પણ એવું આપણું મન ચોખ્ખું જોઈએ.”

ફુસકી મિયાં કહે : “એવું કદી બન્યું છે?”

ભટજી કહે : “હજારો વાર બન્યું છે. અમારા નરસિંહ મહેતા હતા.”

ફુસકી મિયાં કહે : “પેલા જૂનાગઢવાળા? હૂંડીવાળા કે બીજા?”

તભા ભટ કહે : “હા હા, એ જ. તેમણે સાચા મનથી ભગવાનની પ્રાર્થના કરી કે ઉનાળામાં વરસાદ વરસ્યો. તેમની દીકરી કુંવરબાઈનું મામેરું ભગવાન આપી ગયા. મન સાચું જોઈએ. સાચા મનથી જે માગો એ પ્રભુ આપે.”

આમ ઘણી વાતો થઈ. વાતો કરીને મિયાં પોતાના ઘરે ગયા. રાત પડી.



ફુસકી મિયાં ખાટલામાં સૂતા. અમુબીબીએ દીવો હોલવી દીધો. ફુસકી મિયાંને વાત સાંભરી આવી. ખાટલામાં એકદમ બેઠા થઈ ગયા અને અમુબીબીને કહ્યું : “દીવો ફરીને સળગાવો. એક કામ રહી ગયું.”

બીબી કહે : “કામ સવારે કરજો. અત્યારે હવે ઊંઘવાનું.”

ફુસકી મિયાં બોલ્યા : “આ કામ અત્યારનું છે.”

બીબી કહે : “શું કામ છે?”

ફુસકી મિયાં કહે : “ભગવાનની પરીક્ષા કરવી છે.”

આ વાત સાંભળીને અમુબીબીને નવાઈ લાગી. રીસ પણ ચડી.

અમુબીબીએ કહ્યું : “ગાંડી વાતો કરો નહીં. ઊંઘી જાઓ. ભગવાનની પરીક્ષા વળી કેવી?”

ફુસકી મિયાં બોલ્યા : “તભા ભટ કહેતા હતા કે સાચા મનથી ભગવાનની પ્રાર્થના કરીએ તો માગીએ તે ભગવાન આપે. અત્યારે છે રાતની શાંતિ. સાચા મનથી અમે ભગવાનને પ્રાર્થના કરીશું. વાત સાચી હશે તો અમારી પ્રાર્થના ભગવાન સાંભળશે.”

અમુબીબી હસ્યાં અને બોલ્યાં : “આવી ગાંડીઘેલી વાતો ના કરીએ. શાની પ્રાર્થના તમારે કરવી છે?”

મિયાં બોલ્યા : “અમારે લાખ-બે લાખ રૂપિયા નથી જોઈતા. ફક્ત એક જ હજાર રૂપિયા ભગવાન આપે. બસ, તો ભગવાન સાચા.”



અમુબીબી કહે : “આવો બકવાસ કરશો નહીં. માથે ઓઢીને સૂઈ જાઓ.”

પણ એમ ફુસકી મિયાં માને એવા નથી. એક વાત મનમાં આવી એટલે એમ કરે જ. અમુબીબીને કહે છે કે દીવો સળગાવો ને સળગાવો.

અમુબીબીએ કહ્યું : “એમાં દીવાની જરૂર નથી. આંખો મીંચીને અંધારામાંય ભગવાનની પ્રાર્થના થાય. ન થાય તો કંઈ નહીં. એમ ને એમ સૂઈ જાઓ.”

ફુસકી મિયાં ચિડાઈ ગયા. કહે કે તો અમે અંધારામાં પ્રાર્થના કરીશું. ભગવાન સાચા હશે તો અમારી પ્રાર્થના સાંભળશે. અમે તો સાચા મનથી પ્રાર્થના કરવાના છીએ. તરત જ ફુસકી મિયાં પલાંઠી વાળીને બેસી ગયા. આંખો મીંચી લીધી. હાથનો ખોબો વાળીને પ્રાર્થના કરવા માંડ્યા.

‘હે ભગવાન! હે મારા ખુદા! દિલથી આપને આજ પ્રાર્થના કરું છું. વધારે નહીં પણ પૂરા એક હજાર રૂપિયા રોકડા મને આપો. બસ, એટલી જ આપને મારી પ્રાર્થના છે. હે ભગવાન! આટલી પ્રાર્થના સાંભળજો.’

અમુબીબીને ઘણી રીસ ચડી, પણ ફુસકી મિયાંને વધારે કંઈ કહેવાય નહીં.

ધીરેથી અમુબીબી બોલ્યાં : “રાતની વેળામાં આવો બકવાસ ન કરાય. કોઈ સાંભળે તો મૂરખા ગણે. આપણે હજાર રૂપિયાની કશી જરૂર પણ નથી.”

ફુસકી મિયાં બોલ્યા : “તું ઊંઘી જા ને ભઈ! હજાર રૂપિયાની તો ખરેખરી જરૂર છે. આટલા દિવસથી મહેનત કરીએ છીએ, પણ પૂરા એક હજાર રૂપિયા એકઠા થયા નથી. જોઈએ તો ખરા કે હજાર રૂપિયા ભગવાન આપે છે કે નહીં! અમારે એ જ જોવું છે.”



અમુબીબી ચૂપ થઈને ઊંઘી ગયાં. વધારે કંઈ કહે તો ફુસકી મિયાંને રીસ ચડે. ફુસકી મિયાં પણ ઊંઘી ગયા. રાત વીતી ગઈ. દિવસ પણ પૂરો થયો. વળી પાછી બીજા દિવસની રાત પડી. સૂવાનો સમય થયો. ફુસકી મિયાં ખાટલા પર બેઠા. આંખો મીંચી અને પ્રાર્થના બોલવાની તૈયારી કરી.

અમુબીબી બોલ્યાં : "પ્રાર્થના કરવી હોય તો ભલે કરજો, પણ ધીરે ધીરે બોલજો. કોઈ સાંભળે નહીં એમ બોલજો. કોઈ સાંભળશે તો મૂરખા ગણશે."

ફુસકી મિયાં રીસ ચડાવીને બોલ્યા : "અમે કોઈથી બીતા નથી, અમે કોઈથી ડરતા નથી. હા, અમે સિપાઈબચ્ચા! જોરજોરથી શું પણ જોરનાય જોરથી અમે બોલીશું, બૂમો પાડીશું."

આમ બોલીને ફુસકી મિયાંએ આંખો બંધ કરીને હાથનો ખોબો વાળ્યો અને માંડ્યા બોલવા. તાનમાં આવી ગયા એટલે જરા વધારે જોરથી બોલવા લાગ્યા : 'હે ભગવાન! ઓ અમારા ખુદાતાલા! અમે કાલે પ્રાર્થના કરી હતી, પણ એ તમે સાંભળી નથી. આજ ફરીને પ્રાર્થના કરીએ છીએ કે વધારે નહીં પણ એક હજાર રૂપિયા અમને આપો. બસ, એથી વધારે એક પાઈ પણ અમારે જોઈતી નથી. સોએ સો ટકા સાચા મનથી અમે આ પ્રાર્થના કરીએ છીએ.'

પાડોશમાં દલાશેઠ આજ જાગતા હતા. તેમણે ફુસકી મિયાંની પ્રાર્થના સાંભળી. પ્રાર્થના સાંભળીને નવાઈ પામી ગયા. શેઠાણીને કહ્યું : "કંઈ સાંભળ્યું?"

શેઠાણી કહે : "હોવે. એ મિયાં એવું શું બોલતા હતા? બે-ચાર દિવસથી રોજ રાતે બોલે છે."

